ક્રમાંક:એસએજી/સમર કેમ્પ/૨૦૧૮-૧૯
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,
બ્લોક નં ૧૪/૩જો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર
તા.૧૧/૦૪/૨૦૧૮

વિષય :- સમર કેમ્પ-૨૦૧૮
સંદર્ભ:- આ કચેરીના તા.૨૩/૦૩/૨૦૧૮ના પરીપત્ર

<u>પરિપત્ર :-</u>

ખેલે ગુજરાત સમર કોચીંગ કેમ્પ અંતર્ગત ખેલમહાકુંભ-૨૦૧૭ના અં-૯, ૧૧, ૧૪ અને ૧૭ વયજુથમાં તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ પ્રથમ, દ્રિતિય અને તૃતિય ક્રમે વિજેતા થયેલ ખેલાડીઓ તેમજ અન્ય પ્રતિભાશાળી ખેલાડીઓ માટે જિલ્લા, મહાનગરપાલીકા અને રાજયકક્ષાએ ઉનાળાના વેકેશન દરમ્યાન ઘનિષ્ઠ પ્રશિક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવેલ છે.

૧. સમર કેમ્પમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓએ પાસેથી મેડીકલ સર્ટીફીકેટ અને વાલીનું સંમતિ પત્ર મેળવવાના રહેશે. મેડીકલ સર્ટીફીકેટ અને વાલીના સંમતિ પત્ર વગર કોઈ પણ ખેલાડી સમર કેમ્પમાં ભાગ લઈ શકશે નહી.
૨. સમર કેમ્પ શરૂ થાય તે પહેલા નાદુરસ્ત, અશકત વિધાર્થીઓ તેમજ રમતવીરો કેમ્પમાં ભાગ ન લે તેની તકેદારી સિનિયર કોચે રાખવાની રહેશે.
૩. સમર કેમ્પ દરમ્યાન પ્રાથમિક સારવાર માટે મેડીકલ ટીમ હાજર હોવી જોઈએ.
૪. સમર કેમ્પ દરમ્યાન ૧૦૮ (એમ્બુલન્સ) હાજર રાખવાની રહેશે.
૫. રાજયકક્ષા સમર કોચીંગ કેમ્પ તા.૧૨/૦૫/૨૦૧૮ થી તા.૦૧/૦૬/૨૦૧૮ દરમ્યાન યોજવાનો રહેશે.

સચિવ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>

૧. જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ
૨. સિનીયર કોચશ્રી, તમામ

<u>નકલ સવિનય રવાના :-</u>

સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર